

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશ દ્વાર સમા ચિલોડા સર્કલ પાસે ૧૧મી જુલાઈના રોજ બપોરે જિલ્લા ટ્રાફિક શાખા ગાંધીનગરના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વાય.આર.ગામીત તથા ચિલોડા પોલીસ સ્ટેશનના પો. ઈન્સ. શ્રી બી.સી. ઠક્કર સાહેબના સંયુક્ત ઉપક્રમે વાહનચાલકોમાં ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ લાવવા માટે ટ્રાફિક અંગેની પત્રિકાઓનું વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ટુ વ્હીલર ચાલકે લાયસન્સ અવશ્ય સાથે રાખવું, હેલ્મેટ હંમેશા પહેરવું, બે થી વધુ વ્યક્તિઓએ બાઈક પર સવારી નહીં કરવી, થ્રી વ્હીલર ઓટોરીક્ષાને લાયસન્સના જરૂરી કાગળો સાથે રાખવા, તેમજ પરમીટથી ત્રણથી વધારે પેસેન્જર નહીં બેસાડવા, ફોર વ્હીલરના ચાલકને લાયસન્સના કાગળો સાથે રાખવા, કાર ચાલકોએ સીટ બેલ્ટ અવસ્ય બાંધવા,ચાલુ વાહને મોબાઈલ-ફોન પર વાતચીત નહીં કરવી, ડ્રાઈવરે દારૂના નશામાં વાહન ચલાવવું જોઈએ નહીં, ખાસ ટ્રક ચાલકોએ લાયસન્સ કાગળો સાથે રાખવા વગેરે વગેરે જરૂરી સૂચના-માર્ગદર્શન રૂપે ટ્રાફિક નિયમોનું અવશ્ય પાલન કરવા અનુરોધ કર્યો હતો. આમ ચિલોડા સર્કલ પાસે ચાર હજાર વાહનચાલકોને પત્રિકા આપી ટ્રાફિક નિયમન અંગે સમજ પાડવાનો પ્રયત્ન કર્યો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

દોઢ દાયકાના અંતે પણ સે. ૨માં સરકારી શાળાનું નિર્માણ થયું નથી !

નકશા-અંદાજો તૈયાર થયા પછી ચાર વિભાગો વચ્ચે શિક્ષણનો પ્રશ્ન ફૂટબોલની જેમ ફંગોળાઈ રહ્યો છે

ગાંધીનગર, તા. ૧૧

સે. ૨માં સરકારી માધ્યમિક શાળા બનાવવાના નકશા-અંદાજો તૈયાર થયા બાદ દાયકાના અંતે પણ આ મામલે કોઈ ગતિવિધિ આગળ ન ધપતા શાળા નિર્માણનુ સ્વપ્ન રોળાયું છે. એકબાજુ ખાનગી શાળાઓને મંજુરી આપવામાં શિક્ષણતંત્રએ ખુલ્લોદોર અપનાવ્યો છે ત્યારે નવ વિકસિત વિસ્તારમાં શાળા શરૂ કરવા ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ પ્રવર્તી છે.

શહેરના નવ વિકસિત વિસ્તારમાં અનેકવિધ નવી સોસાયટીઓ અસ્તિત્વમાં આવી છે. નવા સેક્ટરો અને વિકસિત વિસ્તારને ધ્યાને લઈ સે. ૨માં સરકારી માધ્યમિક શાળા શરૂ કરવા છેલ્લા એક દાયકાથી રજૂઆત કરવામાં આવી રહી છે. બીજીતરફ સે. ૭ માધ્યમિક શાળાને પોતાનુ મકાન નહી હોવાથી પ્રાથમિક શાળા ઉપરાંત સે. ૮ પ્રાથમિક શાળાના મકાન ઉપરાંત સરકારી ક્વાટર્સમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. પરંતુ આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ વસાહત મંડળ દ્વારા સે. ૨માં ઉચ્ચત્તર માધ્યમિક શાળા શરૂ કરવા અગાઉ રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે સંભવિત વિભાગ કક્ષાએ પણ શાળાનુ મકાન બનાવવા નકશા અંદાજો તૈયાર થયા બાદ કાર્યવાહી હાથ ધરવા પણ જણાવ્યું હતું. આમ છતાં વર્ષો વિત્યા બાદ પણ શાળા નિર્માણનો મામલો માર્ગ-મકાન વિભાગ, નગર નિયોજક શિક્ષણ તંત્ર અને જમીન ફાળવણી શાખા વચ્ચે ફૂટબોલની જેમ ફંગોળાઈ રહ્યો હોવાનો આક્રોશ પણ સે. ૨ વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્ર પારેખે વ્યક્ત કર્યો છે. આ મામલે ઝડપી કાર્યવાહી હાથ ધરી નવવિકસિત વિસ્તારના રહીશો માટે પાયાની શિક્ષણ સુવિધા ઉપલબ્ધ થાય તેવી પ્રબળ માંગ પ્રવર્તી છે.

લાયોનેસ કલબે સરકારી પ્રાથમિક શાળામાં દંત ચિકિત્સા કાર્યક્રમ યોજયો

લાયોનેસ કલબ ગાંધીનગરના પ્રમુખ ઉષાબેન ગજ્જરની રાહબરી હેઠળ તાજેતરમાં ગાંધીનગરની સેકટર-૨૧ની સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે દંત ચિકિત્સાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સરકારી પ્રાથમિક શાળા, સેકટર-૨૧ના ૮૦ વિદ્યાર્થીઓની આ પ્રસંગે દાંતની ચકાસણી કરવામાં આવી હતી. સેક્રેટરી વૈશાલી જોષી, ખજાનચી મિનાક્ષી જયસિંઘાની, લાયોનેસ મંજુલાબેન ભલગામી, રીટાબેન પટેલ, મિત્તલ રાણા આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતાં અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સાદરાના વ્યાયામ મહા વિદ્યાલયમાં વિશ્વ વસતિ દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૧

ગૂજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરામાં ગત રોજ વિશ્વ વસતિ દિન નિમિત્તે ૨૫૦ યુવક-યુવતીઓએ અને ૧૦ અધ્યાપકોએ વિશ્વ વસતિ દિન જાગૃતિ વ્યાખ્યાન, ગીત ગૂંજન તથા જરૂરી વાર્તાલાપ યોજાયો હતો.

વિશ્વ વસતિ સ્વરૂપ, સમસ્યા અને ઉકેલ વિષયક વ્યાખ્યાન ગૌ-સંવર્ધન કેન્દ્રના પ્રો. રમેશભાઈ પટેલે પાવર પ્રેઝન્ટેશન સાથે આપ્યું હતું. વિશ્વ વસતિ, વિસ્વમાં ૧ સેકન્ડે ૪.૨ બાળકો જન્મે છે. વિશ્વમાં ૧ સેકન્ડે ૧.૮ બાળકો મૃત્યુ પામે છે અને વિશ્વમાં એક સેકન્ડે ૨.૩૭ બાળકો વસતિમાં ઉમેરાય છે. આ રીતે વિશ્વમાં ૧ વર્ષે ૭ કરોડનો વસતિ વધારો થાય છે. તેની સામાજિક પર્યાવરણ ઉપર થતી અસરોની વિગતે ચર્ચા કરી હતી. પ્રિયંકા ચાવડા, ક્રિષ્ણા લિંબાણી, અંજના વસાવા, નિરલ કાસુન્દ્રા અને દિપીકાએ 'વધતી વણજારે રે દેશ આ છલકાઈ રહ્યો' ગીત ગૂંજન કર્યુંહતું. ડૉ. પ્રભુભાઈ કાસુન્દ્રા સભા અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પ્રા. નિરજભાઈ સિલાવટે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને ડૉ. વિજયભાઈ મકવાણાએ આભાર દર્શન કર્યું હતું. સંયોજક ડૉ. જમનાદાસ સાવલિયાએ સમગ્ર વ્યવસ્થા કરી આપી હતી.

એસ.બી.આઈ. દ્વારા પેન્શનર્સના હયાતિ પ્રમાણપત્ર માટે અલાયદી વ્યવસ્થા

શહેરમાં પેન્શનર્સને લાઈવ સર્ટીફિકેટમાંસહી-સિક્કા કરાવવા માટે હાલાકી વેઠવી ન પડે તે માટે સચિવાલય પાસે સ્થિત સ્ટેટ બેંકની મુખ્ય શાખામાં અલગથી ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે જણાવ્યા અનુસાર પેન્શનર્સે માર્ચ-એપ્રિલ મહિનાના અંતે પેન્શનર્સ 'લાઈવ પ્રમાણપત્ર' આપવાનું થતું હોય છે. સર્ટીફિકેટમાં સહિ સિક્કા કરવા માટે ઘણીવાર નિવૃત્તોએ હાલાકી વેઠવી પડે છે. જેને ધ્યાને લઈ શહેરની મુખ્ય સ્ટેટ બેંક શાખામાં અલાયદી વ્યવસ્થા ગોઠવવા મહામંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આ અન્વયે સચિવાલય પાસે સ્થિત બેંકની શાખામાં પેન્શનરો માટે બીજા માળે અલગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ હયાતિ પ્રમાણપત્રમાં સહી સિક્કા માટે ૧૧મી જુલાઈ-૨૦૧૨ થી ૧૦મી ઓગષ્ટ-૨૦૧૨ના સમયગાળા દરમિયાન આ વ્યવસ્થાનો લાભ મળી શકશે. બેંકના જનરલ મેનેજર ગુપ્તાએ પણ પેન્શનરોને સર્ટીફિકેટમાં સહિ-સિક્કાની પ્રક્રિયા માટે હાજર રહેવા જણાવ્યું છે.

જ્યારે હું આ કુદરતનાં ખ્યાલમાં આવી ગયો હોઈશ, નક્કી હું આ પ્રાણીઓની વાતમાં આવી ગયો હોઈશ

આત્મિયતા જાનવરોમાં સહજ રીતે જ હોય છે. કૂતરા, બિલાડી વગેરે પાલતું જાનવરોમાં તે જલ્દી વરતાઈ આવે છે અને જલ્દી ઉદ્‌ભવે છે. કારણ આ જાનવરો માણસો સાથેનાં સંપર્કમાં સદીઓથી ચાલ્યા આવે છે. અન્ય પશુઓમાં પણ તે સારા પ્રમાણમાં હોય છે. પરંતુ તે સ્પષ્ટ વ્યકત થતાં વાર લાગે છે. જ્યારે કોઈ પ્રાણી નિઃશંક થઈ જાય ત્યારે તે પ્રાણી પૂરી વિશ્વસનીયતા અને એક નિષ્ઠાથી પોતાને સમર્પીત કરી દે છે અને પાલનકર્તા પર એની લાગણી ઝલકતી હોય છે. આવાં જ પ્રેમાળ ત્રણ- ત્રણ પાલતુ કુતરા ધરાવતો નિમાવત પરિવાર પ્રાણીઓનાં પ્રેમથી તરબતર છે.!!

વૃક્ષ યાત્રા, ઈકો કલબ, ટ્રેકીંગ, બર્ડરેસ્કયુ, પર્યાવરણ પ્રોજેકટસ જેવાં વિષયમાં ઓતપ્રોત આ નિમાવત પરિવાર કુદરત અને પ્રાણી-પક્ષીનાં જબરા ચાહક છે.. સચિવાલયનાં રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં સેકશન ઑફિસર તરીકે ફરજ બજાવતાં ચૈતન્યભાઈ નિમાવત ગાંધીનગર યુથ હોસ્ટેલનાં ચેરમેન છે. ગાંધીનગરનાં થનગનતાં યુવક-યુવતીઓને ટ્રેકીંગના કેમ્પ કરાવવામાં એમણે પુષ્કળ પરસેવો રેડેલો છે. બાળકોને નેચર ટ્રેનીંગ આપવા કેટલાંય જંગલો ખૂંદી વળ્યા છે. એમ.બી.એ.માં અભ્યાસ કરતાં અને પર્યાવરણનો પ્રોજેકટ કરતાં વિદ્યાર્થીઓનાં તેઓ માર્ગદર્શક બની રસપ્રદ રીતે પ્રોજેકટ તૈયાર કરાવી પર્યાવરણ જાગૃતિનો પ્રચાર કરે છે. ચૈતન્યભાઈ નિમાવત એટલે પર્યાવરણ જાળવણીનાં પ્રચારક એવું જ કહેવાય.!

સેકટર-૪માં વસતાં ચૈતન્યભાઈની ડૉરબેલ મારો એટલે સ્વાગતમાં ગુરૂ દત્તાત્રેયનું પ્રિય પ્રાણી એવાં કૂતરાં હાજર જ હોય, નવાં આગંતુકને કરડવાં નહીં પણ વહાલ કરવાં ત્રણેય પાલતુ કુતરાં હરિફાઈમાં ઉતરે છે... પતિનાં પર્યાવરણ પ્રેમને પોતાની જાતમાં આત્મસાત કરનારાં અંજનાબેન નિમાવત પણ ગાંધીનગરની અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય છે.

'વનશ્રી' સંસ્થાના નેજા હેઠળ અનેક પર્યાવરણ જાગૃત્તિનાં કાર્યક્રમો કરતાં અંજનાબેન કેન્દ્ર સરકારની વૃક્ષારોપણ પ્રોજેકટનાં ગ્રીન મોટીવેટર છે. ગાંધીનગર- અમદાવાદની કુલ ૩૬ ઈકો કલબનાં માર્ગદર્શક બની રહેલાં અંજનાબેન વનવિભાગ દ્વારા વરસાદની પ્રથમ હેલી બાદ યોજાતી વૃક્ષયાત્રામાં ગાંધીનગર વાસીઓનાં છેક બારણાં સુધી રોપાઓ પહોંચાડવાં એમનાં ૧૫૦ સ્વયં સેવકો સાથે ખડેપગે હાજર રહે છે. ગ્રીન ગાંધીનગરનાં સ્વપ્રને ફરી ફળીભૂત કરવાં આમનો અને

આમની ટીમનો સિંહફાળો છે.

પ્રાણીઓ- પક્ષીઓનાં ચાહકે એમનાં ઘરે અલગ અલગ બ્રીડનાં ત્રણ ટૉય ડૉગને પરિવારમાં સ્થાન આપ્યું છે. નિમાવત પરિવારનો જીવરક્ષા માટે સર્જાયેલો પુત્ર ડૉ. મહાવીરએ વેટરનીટી ડૉકટર છે, પ્રાણી-પક્ષીઓની સેવામાં એનું શિક્ષણ કામે લાગી જાય છે. 'બર્ડ રેસ્કયુ'ની સેવા કરતાં ડૉ. મહાવીર પાસે હવે તો સેવાભાવી પક્ષી પ્રેમીઓની એક ટીમ તૈયાર થઈ જે ખાસ ઉતરાણ દરમ્યાન ઘવાયેલા પક્ષીઓને દવા કરી જીવનદાન બક્ષવામાં કપાયેલાં પતંગની પાછળ નહીં પણ પતંગથી ઘવાયેલા પક્ષીની પાછળ દોટ મુકે છે.!! ગાંધીનગરનો પ્રથમ પેટ શૉ યોજવાનું સન્માન પણ આ નિમાવત પરિવાર ધરાવે છે...

આજના જમાનામાં માણસ સેલ્ફ સેન્ટર્ડ થતો જાય છે. ગાય, કૂતરા, ડુક્કર ઘર પાસે આવતાં બંધ થઈ ગયાં છે. કાચિંડા, ખિસકોલી, કબુતર, કાગડા, ચકલી, હોલો ધીમે ધીમે માણસોના ઘરની આસપાસ ઓછાં દેખાય છે. એવામાં પ્રાણીઓ પાળવાં જોઈએ અને એનું જતન પણ કરવું જોઈએ અવું ચૈતન્યભાઈ માને છે.. એમનાં ઘરમાં રહેલાં ત્રણેય પેટ ડૉગ્સ મજાની જાતનાં છે. ડાલ્મેશીયમ બ્રીડનો કાળા ટપકાં 'વાયરસ' અત્યંત ચપળ છે. વૉડાફોનની જાહેરાતને કારણે સૉમો વહાલો થયેલો પગ જાતીનો નાનકડો રમતીયાળ ડૉગ 'સુઝુકા' આમનાં ઘરમાંય નૉટી બૉયની જેમ ઉછળકુદ કરતો રહે છે. ત્રીજો લેબ્રાડૉગ બ્રીડ 'જુલી' હજુ તો ત્રણ મહિનાની વય ધરાવે છે, પણ પેલા મોટાં બંને 'વાયરસ' અને 'સુઝોકા'ને મસ્તીથી પરેશાન કરે છે.!!!

નાનપણમાં પોતાનાં ઘરની આસપાસ વિયાયેલી લાલ કુતરી માટે શિરો બનાવવાં ચૈતન્યભાઈ આડોશ-પાડોશમાંથી ઘી- ગોળ- લોટ ઉઘરાવતાં જે આજે તો એમનાં પેટ્સ માટે એમની તબિયતને અનુકૂળ આવે એવું ખાસ ખાણું તૈયાર ખરીદી લાવે છે. .. ટ્રેડીશનલી સજાવેલાં ઘરમાં અંજનાબેન એમનાં ત્રણેય વહાલા સૈનિકોને છુટાં જ રાખે છે. પ્રાણીઓને ગુલામ કરીને નહીં રાખવાં એવું એમનું માનવું છે. પર્યાવરણ પ્રેમી આ પરિવાર એ.સી.નો પણ વિરોધ છે. પણ સમાજ સેવાનાં કાર્યમાં આખો દિવસ વ્યતિત કરીને ઘરે આવેલાં અંજનાબેન જ્યારે એમની 'સુઝુકા' બેભાન થઈ ઢળેલી હાલતમાં જોઈ ત્યારે ખ્યાલ આવ્યો કે ૪૪ં ના તાપમાં આ બફાઈ ગઈ છે, તાત્કાલીક એનાં માટે એ.સી. લાવી દીધું પણ આજેય આ પરિવાર પાલતું પ્રાણીઓને એ.સી.માં સુવાડી પોતે તો ધાબે જ સુવે છે !

અત્યાર સુધી અનેક બ્રીડનાં કુતરાં પાળી ચૂકેલાં આ પરિવારે વચ્ચે એક ઘાયલ કુતરો તરછોડી ગયેલી હાલતમાં મળ્યો ત્યારે એને સાજો નરવો કરી એક શ્વાનપ્રેમીને આપી દીધેલો. રોટવીસર નામની ખતરનાક બ્રાન્ડનો 'જેલર' આમનાં ઘરમાં ત્રણેક મહિના મહેમાન રહી ચૂકેલો જે અત્યારે પ્રાંતિજ પાસેનાં એક ફાર્મ હાઉસમાં ખરેખર 'જેલર' જેમ જ વર્તીને આખું ફાર્મ હાઉસ કંટ્રોલ કરી રહ્યો છે.!! નિમાવત પરિવાર એ કુદરત, પ્રાણી, પક્ષીઓને વરેલો છે અત્યારે તેઓ માત્ર ટૉય ડૉગ્સ જ રાખે છે. પોતાનાં ત્રણ જણનાં પરિવારમાં બીજાં ત્રણ પાત્રોને પણ આત્મિયતાથી પાળી વહાલ આપી અને મેળવી રહેલાં આ ફેમિલી ફોટામાં પણ કેટલી ખુશખુશાલ દેખાય છે.!!

સંબંધ સજાવે જિંદગી

વી આર ફેમિલી

- સંજય ચોરાત

gsrelation@yahoo.com

પર્યાવરણ પ્રેમી અને 'બર્ડ રેસ્કયુ' વર્ક દ્વારા ઘાયલ પ્રાણી- પક્ષીનીઓનું કાર્ય કરતાં ડૉ. મહાવીર- અંજના- ચૈતન્ય નિમાવતનાં પરિવારમાં 'વાયરસ','સુઝકા' અને 'જૂલી' નામના ત્રણ પેટ ડૉગ્સ આનંદથી ઉછળકુદ કરે છે

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૨
સૂર્યાસ્ત : ૭.૨૮

તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૭૮ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
બોલ બચ્ચન : ૧૦.૦૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્દી) : ૧૦.૦૦
બોલ બચ્ચન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્દી) : ૧૧.૪૫, ૭.૩૦
બોલ બચ્ચન : ૨.૧૫, ૧૦.૦૦
તેરી મેરી કહાની : ૫.૧૫
: સ્ક્રીન-૪ :
૩ બેચલર : ૧૦.૦૦, ૧૨.૩૦
રાઉડી રાઠોડ : ૩.૦૦
મેક્ષીમમ(એ) : ૫.૩૦
બોલ બચ્ચન : ૬.૩૦, ૧૦.૦૦
ગૈન્સ ઓફ વાસેપુર : ૭.૩૦
તેરી મેરી કહાની : ૧૦.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) :૧.૪૫,૧.૩૦,૪.૧૫, ૭.૦૦
બોલ બચ્ચન : ૯.૪૫
: સ્ક્રીન-૨ :
બોલ બચ્ચન : ૯.૪૫,૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
બોલ બચ્ચન : ૧૦.૩૦
ફરારી કી સવારી : ૧.૧૫, ૭.૧૫
ગૈન્સ ઓફ વાસેપુર : ૪.૦૦
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૨ડી(હિન્દી) : ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
બોલ બચ્ચન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સૂર્યા, વાવોલ

બોલ બચ્ચન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
બાશા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના ઉપક્રમે રાત્રે ૯.૧૫ કલાકે 'અપૂરવ ખેલા' નાટક.

આપની આજ

મેષ : મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

વૃષભ : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિતતા આવશ્યક છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

કર્ક : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. આપે વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું હિતકારી થઈ શકશે.

સિંહ : આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

કન્યા : આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

તુલા : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

વૃશ્ચિક : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

ધન : આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ - કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મકર : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યના કાર્યોમાં ગહન શોધના કાર્યો થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે.

કુંભ : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.

મીન : ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

ચિરવિદાય

- સ્વ. પ્રવિણકુમાર ગોપાળજી રાઠોડ (ઉ.વ. ૨૫) મુ.પો. રામપુરા, પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ઈન્દ્રકુમાર અંબાલાલ ગજ્જર (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૭૫૧/૨, સેકટર-૭/બી, ગાંધીનગર.